બ્રિસ્ટલ સિટી કાઉન્સીલ

એજ્યુકેશન વેલફેર સર્વિસ

# સ્કૂલમાં હાજરી

# માતાપિતા અને કેરર્સે શું જાણવાની આવશ્યકતા છે

## સ્કૂલમાં હાજરીઃ દરેક દિવસ અગત્યનો છે

## તમારા બાળકને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં સહાય કરો

**ALBANIAN**

Nëse anglishtja nuk është gjuha juaj amtare dhe keni nevojë për një përkthim, ne mund t'ua sigurojmë atë.

**BENGALI**

ইংরেজী আপনার মাতৃভাষা না হলে এবং আপনার কোন অনুবাদের প্রয়োজন হলে আমরা তা প্রদান করতে সক্ষম।

**CHINESE**

如果英文不是您的第一語言，而您需要翻譯的話，我們可以爲您安排。

**GUJARATI**

જો તમારી પહેલી ભાષા અંગ્રેજી ન હોય અને તમને ભાષાંતરની જરૂર હોય તો અમે તમને તે આપી શકીએ છીએ.

**HINDI**

यदि अँग्रेज़ी आप की पहली भाषा नही है और आप को अनुवाद की आवश्यकता है तो यह हम आपको प्रदान कर सकते हैं

**KURDISH**

Heke îngilîzî zimanê we yê yekem nîne û pêwîstîya we bi wergêr heye, em dikarin yekî ji we re bibînin

**POLISH**

Jeżeli język angielski nie jest Twoim językiem ojczystym i wymagasz tłumaczenia, możemy to zapewnić.

**PORTUGUESE**

Se o Inglês não é a sua língua materna e precisa de uma tradução, nós podemos obtê-la.

**PUNJABI**

ਜੇਕਰ ਇੰਗਲਿਸ਼ ਤੁਹਾਡੀ ਪਹਿਲੀ ਭਾਸ਼ਾ ਨਹੀਂ ਅਤੇ ਤੁਹਾਨੂੰ ਦੁਭਾਸ਼ੀਏ ਦੀ ਜ਼ਰੂਰਤ ਹੈ ਤਾਂ ਤੁਹਾਡੇ ਲਈ ਅਸੀਂ ਇਸਦਾ ਪ੍ਰਬੰਧ ਕਰ ਸਕਦੇ ਹਾਂ।

**SOMALI**

Haddii Ingiriisku aanu ahayn afkaaga kowaad oo aad u baahan tahay turjumaad, annagaa kuu samayn karra.

**URDU**

اگر انگریزی آپ کی پہلی زبان نہیں ہے اور آپ کو ترجمہ کی ضرورت ہے تو ہم آپ کے لئے فراہم کر سکتے ہیں۔

**VIETNAMESE**

Nếu quí vị không thạo Anh văn và cần bản dịch, chúng tôi sẽ giúp quí vị một bản.


## એજ્યુકેશન વેલફેર સર્વિસ

**નોર્થ ટીમ**

ફોન : 0117 3533686

ફેક્સ : 0117 3533688

**સાઉથ ટીમ**

ફોન: 0117 9031660

ફેક્સ : 0117 9031684


### “જો મને પેનલ્ટી નોટીસ મળે અને ચૂકવણી ન કરું તો શું થશે?”

સંપૂર્ણ પેનલ્ટી નોટીસની ચૂકવણી કરવા માટે તે મળ્યાથી 42 દિવસનો સમય તમને મળશે. આ સમય દરમિયાન જો સંપૂર્ણ ચૂકવણી ન કરવામાં આવે તો એક્ટ હેઠળ તમારા બાળકની અનધિકૃત ગેરહાજરી સામે મૂળ દાવા માટે લોકલ ઓથોરીટીને મેજીસ્ટ્રેટ કોર્ટમાં કાર્યવાહી શરૂ કરવાની આવશ્યકતા રહેશે.

જો સાબિત થાય, તો તેના પરિણામરૂપે £ 1000 સુધીનો દંડ અને/અથવા પેરન્ટીંગ ઓર્ડર્સ અથવા કોમ્યુનીટી સેન્ટેન્સ જેવી સજાઓની શ્રેણીની જોગવાઇ છે. જો ગુન્હેગાર સાબિત થાય તો માતાપિતા ફોજદારી રેકોર્ડ ધરાવી શકે છે.

### “જો મેં પેનલ્ટી નોટીસની ચૂકવણી કરેલ હોય પરંતુ મારું બાળક હજુ સ્કૂલમાં ગેરહાજર રહેતુ હોય તો મારા પર કાર્યવાહી થઇ શકે?”

પેનલ્ટી નોટીસમાં સમાવિષ્ટ સમયગાળા સુધી નહીં, આ સંબંધમાં ચૂકવણી તમારી જવાબદારી પૂર્ણ કરે છે. આમ છતાં, એવું બની શકે કે જે પેનલ્ટી નોટીસમાં સમાવિષ્ટ ન હોય તે અનધિકૃત ગેરહાજરીના સમય માટે કાર્યવાહી વિશે વિચારી શકાય છે, આ બાબત સંજોગો પર આધારીત છે. જો આ એક બાબત હોય તો, તમારા બાળક સાથે રહી તમે નજીકથી કાર્ય કરો અને એજ્યુકેશન વેલફેર જેવી સંસ્થાઓની મદદ લો એ આવશ્યક છે.

### “જો મારું બાળક નિયમિત હાજર ન રહેતું હોય તો મને મદદ મળી શકે?”

હા, તમને તમારા બાળકની હાજરી માટે સહાયની આવશ્યકતા હોય તો તમારા બાળકની સ્કૂલ અને એજ્યુકેશન વેલફેર સર્વિસ તમને સલાહ અને મદદરૂપ થઇ શકશે. તમારા બાળકની હાજરીની સુરક્ષા વિશે તમે ચિંતીત હો તો વહેલી તકે સ્કૂલ સાથે અથવા એજ્યુકેશન વેલફેર સર્વિસ સાથે તમે ચર્ચા કરો એ મહત્વનું છે.

## “શા માટે મને પત્રિકા મોકલવામાં આવી છે?”

આ પત્રિકા દરેક માતાપિતા/કેરર્સને મોકલવામાં આવી છે જેથી તેમનું બાળક સ્કુલે નિયમિત અને સમયસબ હાજરી આપે તેની આવશ્યકતા વિશે દરેક જાગૃત થાય અને સમયસર તેનું બાળક શ્રેષ્ઠ કાર્ય કરે.

માતાપિતા અને કેરર્સ તેમની જવાબદારી સમજે અને તેમના બાળકના સ્કૂલમાંથી અનધિકૃત રીતે ગેરહાજર રહેવાના પરિણામો વિશે જાગૃત થાય.

## “જો મારુ બાળકને સ્કૂલમાં ગેરહાજર રહેવાનું હોય તો મારે શું કરવું જોઇએ?”

તેની ગેરહાજરીના કારણ માટે પ્રથમ સવારે શક્ય હોય તેટલી વહેલી તકે સ્કુલે ફોન કરો.

રજાઓ દરમિયાન દાંતના ડોકટર અને ડોકટરની મુલાકાત નક્કી કરેલ હોય, તો તમારા બાળકને વધુ સમય માટે સ્કૂલ ખાતે રહેવા માટે સહાય કરો અને તેમની સ્કૂલને મુલાકાત માટે જાણ કરો.

જો તમારું બાળક બીમારી દાંતની/તબીબી મુલાકાતના કારણે નિયમિત ગેરહાજર રહેતું હોય તો તમને મેડીકલ સર્ટીફિકેટ માટે પૂછવામાં આવી શકે છે.

## “જો મારે રજા પર જવું હોય તો શું કરવું જોઇએ?”

ચાલુ ટર્મમાં રજા માટે અનુમતિ આપવામાં આવતી નથી. અપવાદરૂપ સંજોગોમાં હેડટીચર પાસે અનુમતિ માગો અને સ્કૂલની નીતિ ચકાસો.

## “તેનો ક્યારે ઉપયોગ કરવામાં આવશે?”

જ્યારે સ્કૂલ તમારા બાળકને રજા માટે પહેલાંથી અનુમતિ આપે અથવા તમારો ખુલાસો સ્વીકારે, ત્યારે ગેરહાજરી ‘અધિકૃત’ છે. અન્ય તમામ ગેરહાજરી ‘અનધિકૃત’ છે.

**જ્યારે ગેરહાજરી અનધિકૃત હોય ત્યારે પેનલ્ટી નોટીસનો ઉપયોગ કરવામાં આવી શકે છે, ઉદાહરણ તરીકે:**

- જ્યારે સંમતિ વિના ટર્મ દરમિયાન માતાપિતા બાળકને રજા પર લઇ જાય, ખાસ કરીને જ્યાર વિદ્યાર્થી SATs અને GCSEs જેવી પરીક્ષામાં ગેરહાજર રહે.
- શાળાની પૂછપરછની ખાતરી કર્યા બાદ વિદ્યાર્થીઓ નિયમિત રીતે ગેરહાર રહે તે સમયને અનધિકૃત કહે છે.
- રજીસ્ટર બંધ થઇ ગયા બાદ વિદ્યાર્થીઓ નિયમિત રીતે સ્કૂલે મોડા પડતા હોય.
- છેલ્લાં 10 અઠવાડિયાંના સમયગાળા દરમિયાન એક વિદ્યાર્થી 8 અથવા તેથી વધુ વખત અનધિકૃત રીતે ગેરહાજર રહે.

## “જો મારું બાળક સ્કૂલમાં ગાપચી મારતું હોય તો મારે શું કરવું જોઇએ?”

**જો તમારું બાળક સ્કૂલમાં ગાપચી મારતું હોય તો તમે આમ કરી શકશો:**

- શા માટે આમ થયું તે જાણવા તેની સાથે વાત કરો.
- પરિસ્થિતિની ચર્ચા કરવા માટે અને ઉપાયો માટે સ્કૂલ સ્ટાફના સભ્યને મળો.
- સલાહ અને માર્ગદર્શન માટે એજ્યુકેશન વેલફેર સર્વિસનો સંપર્ક કરો (સંપર્ક નંબર પત્રિકાની પાછળ છે).
- તમારા બાળકને શું થયું છે તે સમજવાનો પ્રયાસ કરો અને સમસ્યાના ઉકેલ માટે તેની મદદ કરો.

શિક્ષણ એ તેની ભવિષ્યની સફળતા માટે જવાબદાર છે આથી શક્ય તેટલી વહેલી તકે સમસ્યાઓના ઉકેલ લાવો એ મહત્વનું છે.

## “શા માટે રોજ હાજરી આપવી જોઇએ?”

સ્કૂલમાં નિયમિત હાજરી તમારા બાળકને સફળતા માટે તક આપે છે અને જીવનમાં કૌશલ્યોના વિકાસ માટે મદદ કરે છે. બીમારી જેવાં અન્ય કોઇ અનિવાર્ય કારણો ન હોય તો તમારા બાળકે સ્કૂલ પર નિયમિત હાજરી આપવી જોઇએ.

સ્કૂલમાંથી ગેરહાજરી બાળકના શિક્ષણ અને તેના ગ્રેડ્સને નુકશાન પહોંચાડે છે (અભ્યાસોએ સાબિત કર્યું છે કે સ્કૂલમાં 17 દિવસની ગેરહાજરીથી GCSE નો એક ગ્રેડ ઘટે છે), દૈનિક કાર્યોમાં વિક્ષેપ થાય છે અને વિદ્યાર્થીને ગંભીર ગુના તરફ દોરી જઇ શકે છે.

શોપીંગ, જન્મદિવસ, રીપેર વ્યક્તિની રાહ જોવા જેવા કારણોસર વિદ્યાર્થીએ ક્યારેય શાળામાં ગેરહાજર રહેવું જોઇએ નહીં.

**સ્કૂલમાં ગેરહાજરી જીવનમાં તકોને ગંભીર રીતે અસર કરે છે.**

## “શા માટે પેનલ્ટી નોટીસ આપવામાં આવે છે?”

જો બાળક સ્કૂલમાં નિયમિત હાજરી ન આપે અને તે ગેરહાજરીને સ્કૂલ દ્વારા અનુમતિ આપવામાં ન આવી હોય, તો માતાપિતા/કેરર્સ માટે તે એક ગુનો બને છે. અમુક કિસ્સાઓમાં અનધિકૃત ગેરહાજરીના પરિણામે એજ્યુકેશન એક્ટ 1996 ની કલમ 444 હેઠળ કાર્યવાહી થઇ શકે છે.

એન્ટી સોશિયલ બિહેવીયર એક્ટ 2003 હેઠળ કાર્યવાહીના વિકલ્પ તરીકે પેનલ્ટી નોટીસ આપવામાં આવે છે. પેનલ્ટી નોટીસ માટે કોર્ટમાં હાજર રહેવાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ હાજરીમાં સુધારો લાવવાનો હેતુ છે.

## “પેનલ્ટી નોટીસ કેટલી રકમની હોય છે?”

£ 50 જો 28 દિવસમાં ચૂકવણી કરવામાં આવે. £ 100 જો 42 દિવસ બાદ ચૂકવણી કરવામાં આવે.